R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 04 • ISSUE : 02 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કદઓ જૈન જ્ઞાતિની દિવ્યતા

કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)



જ્યારે કહો છો કે અમે કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના છીએ ત્યારે શું તમે જ્ઞાતિની દિવ્યતા, ગરિમા અને અસ્મિતા અનુભવો છો?

શું અહિંસા એ ધર્મ, સાધના અને ઉપાસના હોઈ શકે છે? મિચ્છામિ દુક્કડમ્ જે જૈન ધર્મનો પાયો છે અને આજે ક્ષમા આપવી અને ક્ષમા માંગવી એ વાત સમગ્ર દુનિયાએ સ્વીકારી જ છે, કેમકે એ માણસાઈનો પાયો છે. અમેરિકામાં માફી માંગવી અને માફી આપવી, શિખવતી મનોવૈજ્ઞાનિક સેવાઓ ઉપલબ્ધ છે. આપણા દેશની આઝાદીના પાયામાં અહિંસા હતી અને જેણે બીજા દેશોને આઝાદી મેળવવામાં મદદ કરી છે.

અદ્‌ભુત જૈન દેરાસરો જે હજારો વર્ષોથી અડીખમ ઉભા છે એ, જૈન ધર્મ એ જીવનશૈલી છે એના પુરાવા છે. આ વાતો લખવાનું એક ખાસ કારણ, શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટ-મુંબઈના ટ્રસ્ટી શ્રી કુમાર બાબુભાઈ દંડ (ભાંડુપ) એ તાજેતરમાં એક સુંદર સુચન કર્યું કે અબડાસાના દેરાસરો વિશે પ્ર.સ.નો એક અંક બહાર પડવો જોઈએ.

અગાઉ પ્ર.સ.ના તંત્રી લેખોમાં લખાયેલ કે જ્ઞાતિ દેરાસરો અને સંસ્થાઓને લગતા મુદ્દાઓમાં જ્ઞાતિની સામાજિક સંસ્થાઓનું, દેરાસરોનું રેટીંગ એટલે ગુણવત્તાનું આકલન થવું જોઈએ. આ ઉપરાંત જ્ઞાતિના દેરાસરોની શું શું અસ્કમ્યાતો છે? અલભ્ય ગ્રંથો છે? એની જ્ઞાતિને જાણ થવી જ જોઈએ. એની જાળવણી માટે શું પગલાઓ લેવામાં આવ્યા છે?

એવું સાંભળવામાં આવ્યું કે જ્ઞાતિ પાસે સોનાના પાણીના અક્ષરે લખાયેલ કલ્પસુત્ર છે. કોણે જોયું છે? કોની પાસે છે? કોઈ પણ જ્ઞાતિજનને આ સોનાના કલ્પસુત્ર વિશે જાણ હોય તો મહેરબાની કરીને જણાવશો.

'દશાઈના દેરા' આપણા દેરાસરો વિશે માહિતી આપતુ પુસ્તક બહાર પાડવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જૈન ધર્મના મંત્રો, આગમો અને એના ઉચ્ચારણોને મૂળ સ્વરૂપમાં રાખવા, નવી પેઢીને સમજાવા એની દિવ્યતા અને અખંડતા જાળવવી પડશે. અને વિજાણુ એટલે કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો હવે આમાં મદદ કરી શકે છે.

આપણી પાસે આપણા જુના દેરાસરોના ઈતિહાસની કેટલી માહિતી છે કે ભેગી કરી છે? જો થોડા પ્રયત્નો કરવામાં આવે તો દરેક દેરાસરના ટ્રસ્ટો ૩-૪ મહિનામાં બધા જ દસ્તાવેજો, ફોટો, હસ્તપ્રતો જમા કરીને માઇક્રો ફિલ્મીંગ કરી શકશે. માઈક્રોફિલ્મીંગ કરેલા દસ્તાવેજોમાં છેડછાડ નથી થઈ શકતી. અને આ દસ્તાવેજો, ફોટાઓ અને ઐતિહાસિક બાબતો દેરાસરના પ્રાંગણમાં રાખીને સંગ્રહાલય બનાવી શકાય છે.

ફાઈવ-જીની ઝડપના જમાનામાં ઘણું બધું નવું થવાની સાથે જૂનું જે શાશ્વત છે, એ એના મૂળ સ્વરૂપમાં રહે એ યોગ્ય જ રહેશે. એક વાતનો ખ્યાલ રહે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના જમાનામાં જાણી જોઈને, ભેળસેળ કરીને બધું જ ઉથલપાથલની શક્યતાઓ ઘણી જ છે. કદઓ જ્ઞાતિને એની દિવ્યતા જાળવવા અત્યારથી જ તૈયારી કરવી ઘટે.

પ્ર.સ. એ છેલ્લા ૯૯ વર્ષના તમામ અંકો માઈક્રોફિલ્મીંગ કરાવી લીધા છે અને આ અંકોમાં કદઓનો ઈતિહાસ સમાયેલો છે, એ ગર્વની વાત છે. તમને વિનંતી છે કે જો તમે તમારા દેરાસરોના ઈતિહાસ લખીને મોકલશો તો પ્ર.સ.માં એની માહિતીને જરૂર પ્રગટ કરવામાં આવશે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૨, તા. ૨૦-૧૧-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





**ભાગ : ૦૯**

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



**વાંકી પત્રી જૈન તીર્થ**

## ગતાંકથી ચાલુ

અરજણે ચાલકની સીટ ઉપર સ્થાન જમાવી બસનું સ્ટાર્ટ બટન દબાવ્યું. બસને બીજી ગીયરમાં નાંખી બારીમાંથી ગુટકાનો રસ ચુસી લીધો હતો તેથી તેનો કુચો ફેંક્યો. છેલ્લા ૧૫-૨૦ વર્ષથી કચ્છમાં વિમલ ગુટકાએ પોતાનું સામ્રાજ્ય જમાવી જનમાનસનાં સ્વાસ્થ્યમાં પંક્ચર પાડ્યાં છે. કચ્છની પ્રજાનું જીવન નિરાંતનું પણ વથાણમાં કે પંચાયત ઓફિસની આજુબાજુ બીડીનાં ઠુંઠાનો ઢગલો મળે. હાલમાં તેથી ૮૫-૯૦ વર્ષની સુખદ જિંદગી વીતાવતો કચ્છી માડું ૫૦-૬૦માં ઢેર થઈ જાય છે.

ભદ્રેશ્વર મહાતીર્થમાંથી બહાર નીકળતાં જમણી બાજુનો રસ્તો શેઠશ્રી જગડુશાના મહેલોનાં અવશેષ, ખંડેર તરફ જતો હતો, અમારી મંઝિલ લાંબી હતી તેથી વાંકી તીર્થ તરફ જ જવાનો અરજણને ઈશારો કરી દીધો. રસ્તામાં વચ્ચે રંગોલી હોટલ આવી. ગાંધીધામથી 'છડીયા' ભરી ટેક્સીવાળા અહીં ચાનો ઘુંટડો પીવા અચુક ઉભી રાખે.

તે જમાનામાં હાઈ-વેની હોટેલ ભાંગી-તુટી ખુરશીઓ, ગંદો ટેબલ અને રકાબીમાંથી ઢોળાયેલી ચા અને બીડીનાં ઠુંઠાથી સભર રહેતી. આ મોદી સાહેબનાં સ્વચ્છતા અભિયાન પછી કેટલીક હાઈ-વેની આવી હોટેલો સુઘડતા પ્રાપ્ત કરવા માંડી છે.

અમે કુંદરોડી ગામ વટાવ્યું. આપણી સંગીતકાર બેલડી કલ્યાણજી આણંદજીનું ગામ. અરજણે દૂરથી તેમના ઘરની ડેલી બતાવી અને તેમણે રચેલી કેટલીક કર્ણ પ્રિય ધુનો ગણગણવાનું મન થયું જેમકે "ચન્દન કા બદન ચંચલ ચિતવન...(સરસ્વતીચંદ્ર).

છેલ્લા ૮-૧૦ વર્ષોથી કચ્છમાં આ દૈત્ય વ્યસનમાંથી છુટકારો કરાવવા પૂ. શ્રી દિનેશ મુની મહારાજ (સ્થાનકવાસી સંપ્રદાય) અભિયાન ચલાવે છે અને ઠેર-ઠેર શિબિરોનું આયોજન કરે છે. તેવી જ રીતે માંડવી સ્થિત ડૉ. આદિત્ય ચંદારાણા પણ વિશ્વ આરોગ્ય સંસ્થાનાં સહકારથી તમાકુ ઈત્યાદિ છોડવાનું અભિયાન ચલાવે છે.

તેમના મતે એકલા ભારતમાં જ તમાકુ/ધુમ્રપાન દર વર્ષે ૮૦ લાખ લોકોના મૃત્યુનું કારણ બને છે. તમાકુ/ધુમ્રપાન છોડાવાના ફાયદા તાત્કાલિક મળે છે. જે લોકો વ્યસની બની ગયા છે તેમને ધુમ્રપાનથી મુક્ત કરવા તો જોઈએ જ પણ નવા લોકો ધુમ્રપાન તરફ ન વળે તે માટે શાળા/કોલેજથી અભિયાન ચલાવે છે. મેં ઘણી કોશીશ કરી પણ અરજણભાઈ અને તેમના જેવા અનેકની ગુટકાની આદત છોડાવી શક્યો નથી.

વાતોવાતોમાં અમારી બસ કચ્છની ધીંગી ધરા પર આવેલી ધર્મભૂમિ વાંકી-તીર્થના બારણે આવી ઉભી રહી. અહીંયા પરમતારક ચરમ તીર્થપતિ શ્રી વર્ધમાન સ્વામી તથા ભમતીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના કોતરણીમય જિનમંદિરો નયનોંને નિરખ્યા જ કરવાનું મન થાય તેવા મનોહર છે. જિનમંદિરની ભમતીમાં પ્રભુશ્રી મહાવીર સ્વામીના જીવનના પ્રેરક મુખ્ય પ્રસંગો તથા શાસનમાં થયેલા પ્રેરક પ્રસંગો તિવરી પથ્થરમાં ૩૦ ઈંચ ઉંડાઈ, ૮૧ ઈંચ ઉંચાઈ તથા ૭ થી ૧૫ ફુટની પહોળાઈમાં વિશિષ્ટ કોતરણી યુક્ત ક્યાંય જોવા ન મળે તેવા અલૌકીક નયનરમ્ય પટો તથા શ્રી ગૌતમ સ્વામી, પૂ. ગુરુદેવ શ્રી કલાપૂર્ણસુરીશ્વરજીના ગુરુ મંદિરો દર્શનીય છે.

તીર્થના વિશાળ પટાંગણમાં ત્રણ અતિથિગૃહો, સુવ્યવસ્થિત સ્વાદિષ્ટ ભોજનશાળા, નાના-મોટા સંઘોને રોકાણ માટે તેમજ સ્વતંત્ર રસોડા માટે ખૂબ જ સુંદર વ્યવસ્થા છે.

આ તીર્થના દર્શન કરી શ્રી સુરેન્દ્રભાઈ (શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાલય ટ્રસ્ટના ટ્રસ્ટી)એ આપેલ માહિતીનો આભાર વ્યક્ત કરી અમે પ્રભાવિક જિનાલયના સંસ્મરણો માનસપટ પર કોતરી આગલા મુકામ તરફ વધ્યા... પ્રાગપર ચોકડી પર આવેલ અહિંસાધામ...(વધુ આવતાં અંકે...)

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ

જય જીરાવલ્લા



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, તેરા
# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા
# શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

જય શામળીયા



**શ્રી તેરા, કુવાપધ્ધર, લાખણીયા અને ધુફી તથા નિયાણી પરિવાર જોગ,**

પુણ્યશાળીઓ,

આપ સહુ શાતામાં હશો. આપને ત્યાં બીરાજમાન સદ્ગુરૂ ભગવંતોને અમારા તરફથી સુખશાતા પૂછશોજી.

શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવના રણકાર સંભળાઈ રહ્યાં છે. તેરા તીર્થના મોરલાઓ ટહુંકાર કરી આપ સહુને આવકારવા ઉત્સુક છે.

તેકુલાધુના ઉત્સાહી કાર્યકર્તાઓ, નિયાણીઓ અને તેરા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા આપ સર્વે પરિવારજનોને મહામહોત્સવની પત્રિકા-તોરણ-લાડુ મોકલાવેલ છે, જે તમોને મળ્યા જ હશે.

**તા. ૩૦.૧૧.૨૩ સુધી આપને ઉપરોક્ત પત્રિકા ન મળે તો અવશ્ય સંપર્ક કરશો.**
(ચિરાગ નાગડા - 86526 81686, તેજસ નાગડા - 9595913111)

આપ સહુએ તેરા તીર્થે મહામહોત્સવ મધ્યે પધારવાની તૈયારીઓ કરી લીધી હશે જ. નીચે લખેલ મહત્ત્વપૂર્ણ કાર્ય/વિચાર ઉપર આપ સહુ ધ્યાન આપશો અને તે પ્રમાણે આગળ કાર્યવાહી કરશો એવી આશા.

૧. **નીચે લખેલ પ્રમાણે વિવિધ સમિતીઓનું ગઠન થઈ રહ્યું છે. આપે હજી સુધી કાર્યકર્તા તરીકે આપનું નામ ન લખાવ્યું હોય તો નામ લખાવવા અથવા આપના લખાવેલ નામ કન્ફર્મ કરવા (સંપર્ક : ચિરાગ નાગડા, તેજસ નાગડા).**
**વિવિધ સમિતિઓના નામ :** (૧) કાર્યકર્તા (૨) સાંસ્કૃતિક (૩) વૈદકિય (Medical) (૪) બહુમાન/સ્ટેજ વ્યવસ્થા (૫) પાણી (૬) સાફસફાઈ/સ્વચ્છતા (૭) ક્રિકેટ (Cricket) (૮) પૂજન/અનુષ્ઠાન (૯) સાધુ ભગવંત વૈયાવચ્ચ (૧૦) સાધ્વી ભગવંત વૈયાવચ્ચ (૧૧) ભોજન વ્યવસ્થા (૧૨) વાહન વ્યવહાર (૧૩)ઉતારા/Tent (૧૪) હિસાબ/કિતાબ (૧૫) Reception/Registrations (૧૬) Decorations/રંગોળી/બેનર (૧૭) ધાર્મિક રમત-ગમત (૧૮) મંડપ વ્યવસ્થા (૧૯) રથયાત્રા (૨૦) Security/સુરક્ષા (૨૧) જીવદયા.

૨. **મહામહોત્સવ દરમ્યાન વિવિધ રંગોળી, ગહૂલી હરીફાઈ રાખવામાં આવી છે. નામ લખાવવા સંપર્ક : કવિતા ધુલ્લા - 96193 12313, મમતા ધરમશી - 79775 54197.**

૩. **તા. ૨૬.૧૨.૨૩ના ટ્રેન દ્વારા શ્રી સંઘ પ્રયાણ છે.** આપશ્રીએ પોતાની રેલ્વે ટીકીટ કઢાવી હોય તો બાકીની વ્યવસ્થા, (ટ્રેનમાં જમવાની અને ભૂજ-તેરાની વ્યવસ્થા માટે) ચિરાગ નાગડા, તેજસ નાગડાને જરૂરથી સંપર્ક કરવો.

૪. **મહામહોત્સવ મધ્યે પધારનાર ભાવિકોની રહેવાની વ્યવસ્થાનું કાર્ય (Allotment) ચાલી રહ્યું છે,** જે આપ સહુને તા. ૧૫.૧૨.૨૩ પછી જણાવવામાં આવશે. આપ આપના કોઈ અન્ય પધારનાર પરિવાર સાથે રહેવા ઈચ્છુક હો તો તે માટે સંપર્ક ચિરાગ નાગડા, તેજસ નાગડા.

૫. **તેરા તીર્થ મધ્યે ટેન્ટમાં રહેવા માટેના અરજીપત્રક (Google Form) મળ્યા છે.** આપના ઉત્સાહ બદલ ધન્યવાદ. ટેન્ટ Allotment થયા પછી આપને જણાવવામાં આવશે.

૬. જે ભાગ્યશાળી પરિવારોની રેલ્વે ટીકીટ શ્રી સંઘ દ્વારા કઢાવવામાં આવી છે **તેમને ટ્રેન-કોચ-બસની વિગત તા. ૧૫.૧૨.૨૩ બાદ જણાવવામાં આવશે.**

૭. **તેકુલાધુ એવમ્ નિયાણી પરિવારમાંથી જે કોઈ પરિવારજનોએ શૈક્ષણિક, રમતગમત, સરકારી અથવા અન્ય ક્ષેત્રમાં ઉચ્ચતમ સિધ્ધિ હાંસલ કરી હોય તો કૃપા કરી ટ્રસ્ટીશ્રી શાંતિલાલભાઈ લોડાયા-98240 12971 નો ત્વરિત સંપર્ક કરશોજી.**

**લી. શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવ સમિતી વતી**

**પ્રમુખ : શ્રી નરેન્દ્ર શામજી દંડ** **કન્વીનર : કુમાર બાબુભાઈ દંડ**

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૧૧-૨૦૨૩

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ | ■ | ૬ |
| | ■ | ૭ | | ■ | | ■ | ૮ | | | |
| ૯ | | ■ | ■ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ■ | |
| ■ | ■ | ૧૨ | ■ | | ■ | ■ | ૧૩ | | ■ | |
| ૧૪ | | | | | ૧૫ | ■ | | ■ | ■ | |
| | ■ | ■ | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ■ |
| ૧૯ | | | ■ | ■ | ■ | ૨૦ | ■ | | ■ | ૨૧ |
| | ■ | ■ | ૨૨ | | ૨૩ | ■ | ૨૪ | | ■ | |
| ■ | ૨૫ | ૨૬ | ■ | ■ | ૨૭ | ૨૮ | ■ | | ■ | |
| ■ | ■ | | ■ | ૨૯ | ■ | | ■ | ■ | ■ | |
| ૩૦ | | | | | | ■ | ■ | ૩૧ | | |

**આડી ચાવીઓ :**

૧) કયા ચક્રવર્તીએ અષ્ટાપદ તીર્થ ઉપર ૨૪ તીર્થંકરની પ્રતિમા ભરાવી (૩)
૩) આ આરાના એકવીસ હજાર વર્ષ છે (૩)
૭) દરેક શ્રાવકો પોતાના ઘરમાં અષ્ટમંગળની .... લગાવે (૨)
૮) આ નવ હોય (૪)
૯) ટેમ્પરરી પ્રતિષ્ઠા કરાય તેને .... પ્રતિષ્ઠા કહેવાય (૨)
૧૧) રાજલોક કેટલા? (૨)
૧૩) એક કર્મ (૨)
૧૪) એક આગમનું નામ (૬)
૧૬) ગુપ્તી કેટલી? (૨)
૧૭) સમવસરણમાં આવેલ એક ગઢ (૩)
૧૯) ચૈત્યવંદન કરતી વખતે સાથિયા ઉપર આ પણ ચડાવાય (૩)
૨૦) કેટલા ભગવાને લગ્ન નથી કર્યા (૧)
૨૨) ખંભાતમાં આવેલ ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૩)
૨૪) ....માં સોનાની મહોર નાખી પેથડ શાહ એ પ્રભાવના કરી હતી (૨)
૨૫) મોટા દિવસોમાં ૧૦૮ ....ની આરતી ઘણા જીનાલયમાં થાય (૨)
૨૭) અચલગચ્છના વર્તમાન ..... શ્રી મોતીચંદજી મહારાજ છે.
૩૦) અવસર્પિણી કાળનો છટ્ઠો આરો એટલે (૬)
૩૧) હું છું .... મારો જાલજો રે હાથ (૩)

**ઊભી ચાવીઓ :**

૧) આનું બીજું નામ સમડી વિહાર છે (૩)
૨) .... કરી કર્મોની નિર્જરા કરો (૨)
૪) દિગંબરની પ્રતિમાઓને ..... ન હોય (૨)
૫) સિદ્ધ ભગવાનનો વર્ણ (૨)
૬) મંગળદીવામાં એક જ દિપક હોય છે જે .... નું સૂચક છે (૫)
૮) મધ્યપ્રદેશનું આદીનાથનું તીર્થ (૫)
૧૦) એક આગમનું નામ (૪)
૧૨) ચંદન પૂજાના અંગો કેટલા? (૨)
૧૪) ઈચ્છાને ......થી સિમીત કરાય (૪)
૧૫) અટ્ઠમ એટલે કેટલા ઉપવાસ (૨)
૧૮) ભદ્રેશ્વરના એક દાનવીર (૪)
૨૧) સાધર્મિક ભક્તિના બળે કયા તિર્થંકરનું તીર્થંકર પદ બંધાણું (૫)
૨૩) આ સાત છે (૨)
૨૬) ગુજરાતનું નેમિનાથનું એક તીર્થ (૩)
૨૮) જે જીનાલયને ૧૦૦ વર્ષ થઈ ગયા હોય તે .... ગણાય (૨)
૨૯) એક પાપ સ્થાનક (૨)

**ધર્મસંદેશ - ૫.૧૧.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૩) સાધારણ (૫) ત્રસ (૭) નલીયા (૧૦) કીર્તીધામ (૧૧) માખણ (૧૨) રત્નો (૧૩) જ્ઞાન (૧૪) કવડ યક્ષ (૧૭) ચારૂપ (૧૮) પંચાસરા (૨૦) ગણિવર (૨૨) ત્રણ (૨૩) કાયા (૨૪) મિથિલા (૨૫) દાઢા (૨૬) ગંધાર (૨૯) સગર (૩૦) બે (૩૧) સુલસા.

**ઊભી ચાવીઓ :** (૧) દાનવ (૨) ધીયા (૪) ઘાતકીખંડ (૬) સમાધિ (૮) ચામર (૯) રાણકપુરા (૧૧) માન (૧૩) જ્ઞાનપંચમિ (૧૫) યક્ષિણિ (૧૬) ઉપરિયાલા (૧૭) ચાર (૧૯) સસલા (૨૦) ગણધર (૨૧) વરદાન (૨૭) ધામ (૨૮) બીલ.



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

એ પોઝીટીવ સ્ટોરી

# "સમસ્ત મહાજન"દ્વારા સમાજ કલ્યાણની નેક અને નકકર સ્વાસ્થ્ય સંજીવની

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**- ટ્રસ્ટી, માનવ જયોત
મો.નં.- **98200 39469**



સમાજમાં કોઈપણ કે.ડી.ઓ. વ્યક્તિને ગંભીર બીમારીમાં કે પ્લાનડ સર્જરીમાં, મોટો ખર્ચ કરવાનો વારો આવે છે, ત્યારે તેને દિવસે પણ તારા દેખાય એવી પરિસ્થિતિ સર્જાય છે. તેના હાજા ગગડી જાય છે.

મેડિકલેઈમની મર્યાદા નડતાં, લીમીટેડ રકમ જ પાસ થઈ શકે. નિયત થયેલી રકમ જ મંજુર થઈ શકે, બાકીની નહીં જ. હોસ્પિટલ ખર્ચની બાકી નીકળતી રકમ માટે આમતેમ ફાંફા મારવા પડે. સમાન્યજનને એ ખૂટતી રકમ માટેતેમની બચતના નાણાં સાફ થઈ જાય. ચેકઅપની જ કાર્યવાહીમાં તેને માથે હાથ દઈ રોવાનો વારો આવે છે. ન ઘરકા ન ઘાટકા. વણસેલી બિમારી વહેલી તકે સાજી કરાવવા ડોકટર ભલામણ કરે છે અને એસ્ટીમેટ મુજબનો ખર્ચ એડવાન્સમાં ભરવા કહે છે, ત્યારે તો તેની મુશ્કેલીનો પાર નથી રહેતો.

આવે વખતે સમસ્ત મહાજનના કાર્યકરો, આપણાં જ્ઞાતિબંધુની સઘળી પૂછપરછ કરી, એ નિષ્કર્ષ પર આવે છે કે કેટલી રકમની મદદની જરૂર છે, ફેમીલી હીસ્ટ્રી શું છે? આવકના સ્ત્રોત કેવા છે? કેટલી મદદ કરવી જોઈએ? વિગેરેની સ્ટડી કરી અનુમાન બાંધે કે કેટલી મદદ મેળવવામાં સમસ્ત મહાજન મદદરૂપ બની શકે તેનો અંદાજ અપાય છે.

દરદીની કેટલીક માહીતી માંદગીમાં થનાર ખર્ચની વિગત ટુંકમાં એપ પર અપલોડ થાય છે અને પછી ખૂલજા સીમ સીમ.

એસ્ટીમેટ મુજબના ખર્ચને સમસ્ત મહાજનની અપીલને સુંદર પ્રતિસાદ મળતાં બે ચાર દિનમાં તો આપણાં જ્ઞાતિ પ્રેમી દાતાઓ એક પછી એક રકમ જાહેર કરે છે, અને મદદનો સાગર છલકાવી નાંખે છે. ટ્રસ્ટો, દાનવીરો, શુભેચ્છકો તેમ જ દરદીના સંગાં સબંધીઓ પણ આ સેવાયજ્ઞમાં ફુલ નહી તો ફુલની પાંખડી આપી મદદરૂપ થાય છે. મુશ્કેલીમાં મુકાયેલાને મદદરૂપ બન્યાનો સંતોષ અનુભવે છે.

સામાન્યવર્ગના માણસને આવી મોટી સહાયનો સ્ત્રોત ઊભું કરવામાં સમસ્ત મહાજનની મેડીકલ કમિટીમાં દરદીના સ્ટેટસ અંગે જોઈતી પેપરની ટુંકી પણ મહત્ત્વની કાર્યવાહી કરી, એપ પર મદદની આવશ્યક અપીલ મોકલાય છે. દરદી માટે કરૂણામય મદદનો સ્ત્રોત વહે છે અને જોઈતો પૂરવઠો લગભગ છલકાઈ જાય છે.

આજે કમ્પ્યુટર યુગમાં ઓછામાં ઓછી કાર્યવાહી અંગેની માહિતી ભેગી કરી, મદદરૂપ બનવાના શ્રેષ્ઠ પ્રયાસ થકી સમરત મહાજન સફળતા સાથે પાર પાડે છે.

સંસ્થાના સેવાભાવી કાર્યકરોને કમીટી અધિકારીઓને અને સંજીવની યોજનાના પાયાના સૂત્રધાર એવા શ્રી નિશિથ દંડ, શ્રીમતી મનીષાબેન લાલકા, શ્રીમતી ડો. ધારિણી નાગડાને પણ શત્ શત્ વંદન.

આ મદદરૂપી ભંડોળ દ્વારા કાચા અંદાજ અનુસાર કદાચ રૂપિયા એક કરોડના લક્ષ્યને પણ પાર કરી લીધું હશે.

મેડીકલ ઈમરજન્સીને ધ્યાનમાં લેતાં આ સંજીવની યોજના આપણાં કેડીઓ દરદી નારાયણના જીવનમાં સંજીવની ભરી, તેમને સ્વસ્થ જીવન જીવવામાં અને આયુષ્યનો દોર લંબાવવામાં પ્રત્યક્ષપણે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હોસ્પિટલના ઓપરેશન વિગેરેના ખર્ચને પહોંચી વળવા અસમર્થ જરૂરતમંદ કે.ડી.ઓ ને ઈન્સ્ટન્ટ સહાયક બની મુશ્કેલીમાંથી ઉગારી જવામાં સદાય સફળ થતી યોજના એટલે જ સમસ્ત મહાજનની સંજીવની યોજના.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. – તંત્રી મંડળ

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

# कल्पवृक्ष योजना

सामान्य ज्ञातीजनों को लखपति बनने के सपने बताने वाली द भा ऐकम की कल्पवृक्ष योजना के बारे में सामान्य ज्ञातीजनोंने द भा ऐकम को कई वखत ईमेल – पत्र लिखे पर कोई जवाब ऐकमवाले दे नही रहे थे। तब मैं राजकोट से तेजकुमार जैनने वोट्स पर कल्पवृक्ष सकारात्मक ग्रुप बनाया।

जिसमें देश भरके ज्ञाती के हजारों कल्पवृक्ष धारको की और से हक्क की लडाई लडी गई। इस लडाई में प्रकाश समीक्षा ने अहम भूमिका निभाई है।




प्रकाश समीक्षा ने योजना संबंधीत कई डाक्यूमेंटस जैसे जमीन बिक्री और अन्य पेपर मागे थे जिससे समाज के सामने सत्य हकीकत रख के विवाद का योग्य निर्णय किया जाय पर ऐकम के अधिकारीओंने कोई भी डाक्यूमेंट नही दिया। थोडा सहकार्य करते तो समाज में इतना उग्रवाद न होता। ऐकम पदाधिकारि श्री सतीश मैशेरी का हर बार एक ही जवाब था आप बोन प्लांटेशन वालो से रुपए मागो, ऐकम की कोई जवाबदारी नही है। ऐकम तो सिर्फ़ कोर्डिनेटर है। सब जवाबदारी बोन प्लांटेशनवालो की है।

तब हमने द भा ऐकम के बातों के प्रभावि जबर्दस्त खुलासे करके ऐकम के पदाधिकारियों को आइना बताया, एवम् ज्ञातीजनों के हक्क के रूपये देने की लंबी लड़ाई लडी। तब जाकर कुछ भी न देने वाले ऐकमने पहले तो प्रति वृक्ष सिर्फ ४००, फिर ८०० देंगे बोल रहे थे और अब १००० रुपय दे रहे है। यह सब लंबी लडाई और प्रकाश समीक्षा में सविस्तर लेख छापा और ज्ञातीजनों को उनके हक्क के रुपए फुल नही तो फुल की पाखडी देने मजबूर कर दिया।

ऐकमवालों को हमने प्रती वृक्ष पांच हजार रुपए देने का प्रस्ताव रखा था और समाज के समस्त महाजन के उच्च पदस्थ श्रेष्ठी श्री निशीथभाई दंड को विनम्र निवेदन किया था कि द भा ऐकम से सामान्य ज्ञातीजनों के लिए बात करे। पर हमारा दुर्भाग्य कि सामान्य ज्ञातीजनों के लिए कोई बात नही की और एकम ने खुद को होना वैसा निर्णय लिया है जो सामान्य ज्ञातीजनों के लिए अन्यायपूर्ण है।

**– तेजकुमार शामजी नागडा**

9664944346


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**જુની સાચી જરી ક્યાં વેચવાની....?**
**KDO સમાજની મુંઝવણ અને તેનો સાચો ઉકેલ...!**

ગભરાઓ નહીં, આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન, 'પાંજી દુકાન' મહાવી સારીઝ (સાંતાક્રુઝ-વેસ્ટ)

- જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- જુનાં સાચી જરીના ઘરચોળા-બોર્ડર
- સાચી જરીના સેલા, કાંજીવરમ તથા પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટ્ટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ તથા ઘુઘરી
- અમારી દુકાને વેંચવા લઈ આવો ને સંતોષકારક વળતર મેળવો.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારી દુકાનની મુલાકાત લો.
- અગર તમે અમારી દુકાને ન આવી શકતા હો તો અમને એક ફોન કરો, અમે તમારા ઘરે આવીને તમારી જુની જરીની Item પ્રમાણે રોકડા રૂપિયા આપીશું.
- ગ્રાહક ને ફાયદો વધારે થાય તેવી માત્ર એક દુકાન.
- **Free Home Visit any where any time**
- રોકડા પૈસા-તરત જ ફાઈનલ-સંતોષકારક વળતર

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
M. : 91371 46272 / 96195 54801 (રવિવાર બંધ)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


શ્રી શાંતિનાથાય નમો નમઃ

## મા આશાપુરાની પહેડી

જય માતાજી સાથે સહર્ષ જણાવવાનું કે મોટી સિંધોડી – મૈશેરી પરિવારના કુળદેવી મા આશાપુરાની પહેડી-પ્રસાદનો કાર્યક્રમ માગશર સુદ બારસ ને રવિવાર, તા. ૨૪.૧૨.૨૦૨૩ના દિવસે સવારે ૯ થી ૨ ડોંબિવલીમાં રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનોને પરિવાર સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ભુઈમા ખમાવંતી ગુલાબ મૈશેરીના સર્વેને જય માતાજી**

**-: પહેડીના લાભાર્થી પરિવાર :-**

**માતુશ્રી જયાબેન દેવશી મૈશેરી**

**રવિવાર, તા. ૨૪/૧૨/૨૦૨૩**
**સમય : સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાકે**
**સ્થળ : હૉરીઝોન બેંક્વેટ હૉલ, ડી-માર્ટ પાસે,**
**માનપાડા રોડ, ડોંબિવલી [ઇસ્ટ].**

**નોંધ : પહેડીમાં કાળા વસ્ત્રો પહેરવાની સખત મનાઈ છે.**

# ''સાચી નિવૃત્તિ''

આજે સ્કૂલમાંથી ભાવભરી વિદાય લઈને ચંપકભાઈ હરખાતા પગલે ઘરમાં પ્રવેશ્યા. ઘરમાં પણ આજે ખુશ વાતાવરણ જોઈને મનને ટાઢક વળી.

સાંજે ઘરનાને કુટુંબના બધા એ હોટેલમાં ભોજન લીધું. બહુ સારું લાગ્યું થયું. હાશ!!! હવે કુટુંબ સાથે હળીમળીને આનંદથી સમય પસાર થશે. આખી જીંદગી નોકરીમાં દોડાદોડી જ કરી છે ને!

બીજે દિવસે વહેલી સવારે આંખ ખૂલી.. પણ વિચાર્યું. વાહ આજે નોકરી જવાની કે. મોડું થશે તો આચાર્ય બહુ જ મોંઘાંમુલની રજા મૂકી દેશે એનીય ચિંતા નથી. હાશ! લાવ જરીક સૂઈ લઉં. આમ વિચારીને પડખું ફર્યો ત્યાં રસોડામાંથી દીકરા અને વહુનો વાર્તાલાપ સંભળાયો.

''ગીરા!! તું હવે રિલેક્સ રહેજે! બહુ થાકી જાય છે યાર!! પણ હવે ચિંતા નહિ, બાપુજી ઘરે જ હશે ને, એટલે નાનામોટા કામ તો એ સંભાળી જ લેશે!''

ને..મારી ઊંઘ ઊડી જ ગઇ. પરાણે ઉઠીને પ્રાતઃક્રિયાઓ પતાવીને ચાનો કપ લઈને વિચાર્યું;'આજે તો હીંચકે બેસી ને શાંતિથી ચા પીવી છે.'

હજુ ચાની છેલ્લી ચૂસકી ગળે ઊતરે એ પહેલાં આ શું?? ગીરાએ લીલી તુવેરની ઢગલી કરતાં કહ્યું, ''બાપુજી આજથી તમારે શાંતિ હો! નોકરીની ચિંતા જ નહીં બાપુજી તમને ખબર  જ છે કે તમારા દીકરાને તુવેરની કચોરી બહુ ભાવે છે, ને આ મારો રિધુ મને કેટલી પરેશાન કરે છે આખો દિવસ!! પણ હવે મને નિરાંત છે બાપુજી તમે છો ને ઘરે એટલે!!

ખરૂંને બાપુજી!!ને..મારા ગળામાં બાજેલા ડુમા સાથે પરાણે અવાજ નીકળ્યો, હા બેટા સાચું!

રાતે વહુએ બનાવેલી કચોરી ખાતાં ખાતાં દીકરાએ બહુ ઠાવકાઈથી વાત શરૂ કરી પપ્પા! આપણા ચંદુકાકા રિટાયર્ડ થયા તો સાંભળેલું કે, એમને પચાસ લાખ જેટલી રકમ મળેલી.

વહુ પણ વાતની રાહ જ જોતી હોય એમ તીરછી નજરે જોઈ રહેલી. મેં કહ્યું બેટા!  મારેય કુલ મળીને બાવન લાખ આવે. કેમ કે બહુ કરકસર કરીને મેં ભેગું કરેલું જી.પી.એફ પણ સારું છે. ને તરત વાતને પકડીને દીકરો બોલ્યો, તો પપ્પા આપણે આ નાનકડા ઘરમાં બહુ રહ્યાં. બાજુમાં સરસ ફ્લેટ બને છે. તો હુ વિચારું છું કે ત્યાં એક ફ્લેટ નોંધાવીએ તો!!

અરે બેટા!! પણ એ તો બહુ મોંઘા છે, એટલા બધા રૂપિયા!!

અરે!! પપ્પા આ ઘર વેચતા સહેજે ૩૫ લાખ તો આવે ને મેં ક્યાં તમારા બધા પૈસા માંગ્યા? બસ ૨૫ લાખ આપો તો! કચોરી મારા ગળામાં જ અટકી ગઈ.

મારી નજર સામે દીવાલે ટીંગાડેલી મધુની તસ્વીર પર ગઈ. કોરોનામાં પ્રભુને પ્યારી થયેલી મધુને મેં ક્યારેય મોંઘી સાડીય નહોતી લાવી આપેલી ને છતાં હમેશાં ખુશ રહેતી. મધુએ એકવાર કહેલું તમે રિટાયર્ડ થાવ ને પૈસા આવે એટલે મને એક સોને મઢેલી તુલસીની માળા લાવી દેશો ને?

મારાથી હળવો નિઃસાસો નંખાઈ ગયો એને અવગણીને દીકરો કહે અરે પપ્પા ક્યાં ખોવાઈ ગયા?

કરાવું ને બુક નવો ફ્લેટ?

મેં ઘણી તાકાત કરી ને બસ માથું હલાવ્યું ને વહુએ દીકરા સામે વિજયી સ્મિત વેર્યું!!

મને હજુ કળ વળે ત્યાં વળી દીકરો બોલ્યો પપ્પા તમે નસીબદાર હો! કેમ કે તમને પેંશન તો મળશે. હવેથી તો સરકારે એય બંધ કર્યું. શાક લેવા બૈરીને ગાડીમાં બેસાડીને જતા દીકરાએ ફરિયાદ કરી. હું વિચારે ચડ્યો. કેટલા વરસ હું દરરોજ ચાલીને નોકરીએ ગયો. ઇજાફો વધ્યો ત્યારે બજાજ સ્કૂટર લાવેલો એય હપ્તાથી ને એમાંય પેટ્રોલના પૈસા બચાવવા ભાગ્યે જ વાપરેલું એ સ્કૂટર વરસો સુધી તો કલરનેય ઘસરકો નહિ પડેલો.

ત્યાં કાને અવાજ આવ્યો પપ્પા, કાલે રિધુનો જન્મ દિવસ છે તો અમે વિચારીએ છીએ કે આ વખતે તો ધામધૂમથી ઉજવીએ બર્થ ડે!! અને હા, ગઈ કાલે એણે કોઈનું ઇલેક્ટ્રિક બાઇક જોઈને જીદ કરેલી તો મેં એને કહેલું, કે બેટા! દાદાને ઘણા પૈસા આવવાના છે તો બર્થ ડે ગિફ્ટ દાદા આપશે. બસ નાનકડા રિધુની આંખોની ચમક જોઈને મેં કહ્યું બેટા, આ દાદા જ તને લઈ જશે બજારમાં. તને ગમે એ કલરનું મસ્ત બાઇક લઈ લેજે. બીજે દિવસે પાર્ટીમાં દીકરી ને જમાઈ પણ આવેલા. બહુ આનંદ કર્યો બધાં એ.

દીકરી રાત્રે જમીને જવાની હતી. જમીને હું હીંચકે બેઠેલો ત્યાં પાસે આવીને  બેઠી. મને બહુ સારું લાગ્યું. મને ધીરેથી કહે, પપ્પા!! તમારા જમાઈ નોકરીની સાથે બિઝનેસ કરવા માંગે છે. મેં કહ્યું વાહ!!! બહુ સરસ!!

તો મસ્ત મીઠડી ભાષામાં મને કહે, હું એમને કહેતી જ હતી કે મારા પપ્પા તો રાજી જ થશે ને એ તો ના જ પાડતા

હતા, પણ મેં કહેલું એમને કે અરે!! બિઝનેસ માટે ૧૦ લાખ જેટલી રકમ માટે પપ્પા ના નહીં જ પાડે ને પપ્પાને હમણાં સારી એવી રકમ આવી જ છે ને!! ને મારા પપ્પા માટે દીકરો ને દીકરી સમાન જ છે, ખરું ને પપ્પા?

મેં  હા કહેવા એની સામે જોયું તો એ જન્મદિવસે મેં ગિફ્ટ કરેલા એના મોંઘા મોબાઈલ માં ઘૂસી ગયેલી.

ને મેંય મારા વરસો પહેલાંના તૂટી ગયેલી સ્ક્રીન વાળા મોબાઈલમાં સુખ શોધવા મનને સમજાવ્યું. અને જાણે મોબાઈલમાંથી જ કંઈક જડી ગયું હોય એમ ઉછળીને વળી એ બોલી.

પપ્પા મને ખબર છે કે તમે બહુ સ્વમાની છો. વર્ષોથી સ્વમાનભેર જીવ્યા છો, એટલે હવે નાનકડું પેંશન તમને કદાચ ઓછું લાગે એટલે જ મેં તમારા જમાઈના ફ્રેન્ડને વાત કરી રાખેલી તો, એમની ઓફીસમાં પાર્ટ ટાઈમ જોબ છે પપ્પા.! તમારો ટાઈમ પણ જશે અને વળી સ્વમાનથી વધુ રૂપિયા પણ કમાશો.

વાહ.. વાહ! મારુ કેટલું ધ્યાન રાખવા લાગ્યા મારા સંતાનો!! કેટલી ચિંતા કરતો હું એમની નાની નાની બાબતોને લઈને. એ બીમાર  હોય તો મારા ગળે કોળિયો નહોતો ઊતરતો મને!!

અને આજે મારે બીપીની ગોળી જાતે જ  લાવવાની ને ગળવાનીય.. જો કોઈએ કોઈકવાર પણ પૂછ્યું હોય કે પપ્પા ટાઈમસર દવા લેજો હો ને!!

ના ના એમને મન હું રિટાયર્ડ એટલે નોકરીથી નહિ કદાચ જિંદગીથી હતો. હા એટલે જ તો મારા મિત્રોએ મને કહેલું કે, ચાર ધામની યાત્રાએ જઈએ છીએ તો તું ય જોડાઈ જા ને! મેં ખચકાટ સાથે કહેલું ના ના હું એકલો ને તમે બધા સજોડે! ત્યારે દિનેશે કહેલું અરે! પેલા માધુભાઈ છે ને!!! તારી સીટ એમની સાથે રાખશું યાર! મને જરીક હસવું આવી ગયેલું. મધુને બદલે માધુની સાથે.

ઘરમાં હજુ વાત શરૂ કરૂં ત્યાં તો બન્ને બાળકોએ જીભ ચચરવીને કહેલું અરે પપ્પા!! એમ તે જવાતું હશે એકલા?? તમને કંઈક થઈ જાય રસ્તામાં તો!!

કોણ જાણે મારી તાકાત બિલકુલ ઓસરવા લાગેલી હું લથડતા પગે ઊભો થયો.. ને સુખડના હારવાળી મધુની તસવીરમાં એની આંખોમાં જોઈને બોલ્યો, મધુ...!!! સાચી નિવૃત્તિ તો તારી છે, બસ ભગવાન  મનેય આવી જ નિવૃત્તિ આપે.                    (વોટ્સએપમાંથી સાભાર)

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


\\ મહાવીરાય નમઃ \\

**સોમનાથ - કેબ્સ - કોઠારા**



**અમારી સેવાઓ**



- ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કચ્છના તમામ શહેરો માટે બંને તરફથી વનવે ભાડામાં આવવા જવા માટે ટેક્ષી
- વનવે તથા રિટર્ન ટ્રીપ માટે વિશેષ સુવિધા
- જૈન તીર્થધામો માટે વિશેષ સુવિધા
- અનુભવી ડ્રાઈવરો સાથે 24 x 7 અને 365 દિવસ કાર્યરત

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ

**નિરવ મુનવર : 8320965711 / 9724382302**


### સત્તરમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં. ૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં. ૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપૂર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિણેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા શાસન પ્રભાવિકા પ. પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.ની
સત્તરમી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટી કોટી વંદના...
આપની અમી દ્રષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

**: શ્રદ્ધાસુમન :**

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી તથા**
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
